વિષય :- ગુજરાતી    ધોરણ :-૭    પ્રથમ સત્ર

પાઠ નં:-૨ ગુપ્તદાન    25 marks

વિદ્યાર્થીનું નામ:-..................................................................................................

**1. ડૉક્ટર સાહેબે ભીખાશેઠને કેમ કંજૂસ માની લીધા ?    2 marks**

➢

**2. આ એકમમાં તમને સૌથી વધુ કયું પાત્ર ગમ્યું ? કેમ ?    3 marks**

➢

**3.પાઠમાંથી પસંદ કરેલ વાક્ય જેવો અર્થ ધરાવતા વાક્ય સામે ખરાની નિશાની કરો. 3 M**

1. તમે તો આ દુખિયારાના બેલી છો.

(અ) તમે દુ:ખી વ્યક્તિઓ પ્રત્યે ઉદાર છો. (બ) તમે દુખી વ્યક્તિઓના ગુનેગાર છો. (ક) તમે દુખી વ્યક્તિઓના આગેવાન છો.

2. શેઠનો હાથ બંધાઈ ગયો હતો.

(અ) શેઠથી પૈસો વપરાતો ન હતો. (બ) શેઠ બિનજરૂરી ખર્ચ કરતા હતા. (ક) શેઠ હાથથી કોઈ કામ કરી શકતા ન હોતા.

3. ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવા આવ્યો છું.

(અ) ફૂલો નથી ફૂલની પાંખડીઓ છે. (બ) એક નથી તો બીજી વસ્તુ આપું છું. (ક) જરૂરિયાત વધુ છે પણ હું મારી શક્તિ પ્રમાણે આપું છું.

**4. આપેલાં વાક્યો કોણ બોલી શકે તે પાઠના આધારે લખો.    4 marks**

1. દાન એવી રીતે કરવું કે કોઈનેય ખબર ન પડે.

2. હું દુનિયાથી દૂર ફેંકાઈ ગયો!

3. મારી મદદ વિશે કોઈને જણાવતા નહીં.

4. દવાખાનું કરવા માટે મકાનની જરૂર છે.

**5. આપેલાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. 4 marks**

1. ભીખાશેઠ કંજૂસ હતા.

2. ડૉક્ટરને લાગ્યું કે એમણે શેઠને અન્યાય કર્યો છે.

3. ભીખાશેઠે ડૉક્ટરને ફાળામાં એક પણ રૂપિયો ન આપ્યો.

4. શેઠાણી પણ શેઠને કંજૂસ જ માનતાં હતાં.

**6. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. 5 marks**

(ઘૂસ્યા, આનંદ સાથે, ઈનામ, જોરથી, અવ્યવસ્થિત, સંમતિ, કદરૂપી, ધીમેથી, દાખલ થયા)

1. ઘરમાં બધી વસ્તુઓ (લઘરવઘર) .................પડી હતી.

2. એમની વાત સાંભળી ભીખાશેઠ (ખડખડાટ) .............હસી પડયા.

3. ભીખાશેઠ દવાખાનામાં (પ્રવેશ્યા) ..................

4. ભીખાશેઠની વાત આખા ગામે (સહર્ષ) ............. વધાવી લીધી.

5. ગામલોકો હકારમાં માથું ડોલાવીને (અનુમોદન) .............આપતા હતા.

**7.આપેલ ચિત્રમાં બંને પાત્રો વચ્ચે શી વાતચીત થતી હશે?અનુમાન કરીને લખો. 4 marks**

